For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સાત હજાર ચોરસ મીટર જમીનનો ઉપયોગ એક મરઘાં માટે !

પાંચ મરઘા માટે કરોડો રૂપિયાની જમીન

મરઘા ઉછેર કેન્દ્રના નામે ૧૯૬૪માં ફાળવાયેલી જમીન આજે અવાવરુ હાલતમાં

ઈનડોર સ્ટેડિયમના વિસ્તરણ માટે જમીનની અદલાબદલીની દરખાસ્ત ૧૧ વર્ષથી પેન્ડિંગ

સુરતઃ શહેરના મધ્યમાં આવેલી કરોડો રૂપિયાની જમીનનો ઉપયોગ કેવી રીતે થઈ રહ્યો છે તેનો ચોંકાવનારો દાખલો ટીપી-૫ (અઠવા-ઉમરા) વિસ્તારમાં સામે આવ્યો છે. અહીં ૩૫ હજાર ચોરસ મીટર જેટલી વિશાળ જમીન મરઘાં ઉછેર કેન્દ્ર માટે ફાળવવામાં આવી છે, પરંતુ આટલી વિશાળ જગ્યામાં હાલ માત્ર પાંચ મરઘાંનો ઉછેર થતો હોવાની વિગતો સામે આવી છે. એટલે કે સરેરાશ સાત હજાર ચોરસ મીટર જમીનનો ઉપયોગ એક મરઘાં માટે થઈ રહ્યો છે.

...અનુસંધાન પાના 5 પર



મરઘાં ઉછેર કરતાં જમીનના જતનની જવાબદારી વધી

એક તરફ માત્ર પાંચ મરઘાં અને બીજી તરફ ૩૫ હજાર ચોરસ મીટર જમીન! શહેરના વિકાસ માટે ઉપયોગી બની શકે તેવી આ કીમતી સરકારી મિલકત વર્ષોથી યોગ્ય ઉપયોગની રાહ જોઈ રહી છે. મરઘાંના ઉછેર કરતાં જમીનના જતન અને વિકાસની જવાબદારી વધુ મહત્ત્વની બની ગઈ હોય તેમ જણાય છે. હવે આ જમીનનો મૂળ હેતુ યથાવત્ રાખવો કે જાહેર હિતમાં તેનો અન્ય ઉપયોગ કરવો તે અંગે સરકાર અને સંબંધિત વિભાગે સ્પષ્ટ નિર્ણય લેવાનો સમય આવી ગયો છે.

નાયબ પશુપાલન નિયામકનો જવાબ

નાયબ પશુપાલન નિયામક દ્વારા આ જમીન પર આશરે ૪૦૦ આદિવાસી લોકો નભે છે અને તેમને તાલીમ આપવામાં આવે છે તેવી દલીલ પણ રજૂ કરવામાં આવી હતી. જોકે, હાલની વાસ્તવિક સ્થિતિમાં સ્થળ અવાવરુ અને બિનઉપયોગી હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. જો અહીં ખરેખર તાલીમ અને મરઘાં ઉછેરની પ્રવૃત્તિઓ ચાલી રહી હોય તો તેની અસરકારકતા અને જમીનના ઉપયોગ અંગે પારદર્શક વિગતો જાહેર થવી જરૂરી છે.

આ જમીન પર અનેક બિલ્ડરોની પણ નજર

શહેરની વચ્ચોવચ આવેલી કરોડોની કિંમતની આ જમીન ઉપર શહેરના અનેક બિલ્ડરોની પણ નજર છે. ઇનડોર સ્ટેડિયમની બાજુમાં આવેલી આ જમીનને મેળવવા માટે બિલ્ડરો દ્વારા ગાંધીનગર સુધી પ્રયાસો થયા છે. પરંતુ પશુપાલન વિભાગ દ્વારા આ જગ્યા પર હજી પણ મરઘાં કેન્દ્રના નામે વર્ષે કરોડોની ગ્રાન્ટનો ખેલ ચાલી રહ્યો હોવાની પણ ચર્ચાઓ ચાલી રહી છે. આ જગ્યાની અંદર ખંડેર મકાનો અને તૂટેલી હાલતમાં મરઘાં મૂકવાની જગ્યાઓ છે.

છ મહિના પહેલાં પ્રસંગનું બુકિંગ કરનાર કેટરર્સ અવઢવમાં

જે ભાવે મેન્યુ ફિક્સ કર્યું હતું તેમાં 30 ટકા જેટલા ભાવ વધી ગયા

જૂના બુકિંગમાં નુકસાન વેઠવું કે ભાવ વધારો કરવો એ પડકાર

સુરતઃ લગ્નસરામાં જેની સૌથી વધુ ડિમાન્ડ હોય છે તે કેટરિંગવાળા હાલ અવઢવમાં મૂકાઇ ગયા છે. તેનું કારણ એ છે કે, છ મહિના પહેલા જ્યારે પ્રસંગનો ઓર્ડર લીધો ત્યારના ભાવ કરતાં અત્યારના ભાવમાં 30 ટકા જેટલો વધારો થઇ ગયો છે. જૂના બુકિંગના ભાવને કારણે હવે ઓર્ડર આપનાર સાથે રકઝકની સ્થિતિ ઊભી થઇ છે.

દેવઉઠી એકાદશી બાદ શહેરમાં લગ્નસરાની મોસમ પૂરબહારમાં ખીલી ઊઠશે. આ વર્ષે લગ્નનાં મુહૂર્ત વધુ હોવાથી કેટરિંગ વ્યવસાયમાં અત્યારથીજ ભારે ધમધમાટ જોવા મળી રહ્યો છે. ગત લગ્નસિઝનની સરખામણીએ આ વર્ષે કેટરિંગના ઓર્ડરમાં અંદાજે 20થી 30 ટકાનો સીધો વધારો નોંધાયો છે તેનુ મુખ્ય કારણ વધતી જતી મોંઘવારી છે. એક તરફ લગ્નપ્રસંગોના ઓર્ડરની ભરમાર છે, તો બીજી

...અનુસંધાન પાના 5 પર

મેન્યુ બદલવું પડે તેવી સ્થિતિનું નિર્માણ

કેટરર્સોનાં જણાવ્યા પ્રમાણે લગ્નપ્રસંગના કેટરિંગ ઓર્ડર સામાન્ય રીતે ચારથી પાંચ મહિના અગાઉથી બુક થઇ જતા હોય છે. તે સમયે બજારમાં ખાદ્યચીજોના જે ભાવ હોય તેના આધારે કેટરર્સ ગ્રાહકોને પ્રતિ ડિશના ભાવ આપે છે. જુનાં ભાવ તથા મેન્યુનાં હિસાબે બુક કરાયેલાં ભાવો બાદ દરેક ચીજો ઉપર મોંઘવારીનો માર પડ્યો છે. તેથી ગ્રાહકો પાસેથી વધારાની રકમ માગવી પણ મુશ્કેલ બની છે. નવા બુકિંગમાં પણ વધેલા ભાવને કારણે ગ્રાહકો સાથે લાંબી રકઝક થઇ રહી છે. તેનાથી લગ્નના મેનુ પર માઠી અસર વર્તાઇ રહી છે. આવામાં ગ્રાહકો ઓછા ખર્ચે તૈયાર થઇ શકે તેવા વિકલ્પો પસંદ કરી રહ્યા છે.

એનઆરઆઇ કમૂરતામાં પણ લગ્ન યોજે છે

વિદેશમાં વસતા ભારતીય પરિવારો માટે ભારતમાં લગ્નપ્રસંગ યોજવાનું ચલણ યથાવત્ છે. ખાસ કરીને સુરત સાથે જોડાયેલા એનઆરઆઇ પરિવારો લગ્ન માટે ભારત આવતા હોવાથી લગ્નસિઝનમાં કેટરિંગ સહિતના વ્યવસાયોને વધારાના ઓર્ડર મળતા હોય છે. જાન્યુઆરી મહિનામાં લગ્નનાં સામાન્ય મુહૂર્ત ન હોવા છતાં કમુહૂર્તના દિવસોમાં એનઆરઆઇ પરિવારો દ્વારા લગ્નપ્રસંગો યોજતા હોય છે. કેટરિંગના મેનુ અને મહેમાનોની આગતા-સ્વાગતા પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. તેથી જાન્યુઆરી મહિનાના કમુહૂર્ત દરમિયાન પણ કેટરિંગ વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓની વ્યસ્તતા યથાવત રહેશે.

20 નવેમ્બરથી સુરત-બિલીમોરા બુલેટ ટ્રેકનો વીજપ્રવાહ શરૂ

પહેલી વખત હાઇસ્પીડ કોરિડોર થશે ઇલેક્ટ્રિફાઇડ

અનઅધિકૃત લોકોને ટ્રેક અને ઓવરહેડ વાયરથી દૂર રહેવાની ચેતવણી

320 કિમી પ્રતિ કલાકની ઝડપ માટે તૈયાર થઈ રહ્યું છે સિસ્ટમ

મુંબઈ-અમદાવાદના 508 કિમી લાંબા બુલેટ ટ્રેન કોરિડોર પર ટ્રેનની મહત્તમ ડિઝાઇન સ્પીડ 320 કિમી પ્રતિ કલાક રાખવામાં આવી છે. તેના માટે ખાસ ઓવરહેડ ટ્રેક્શન સિસ્ટમ તૈયાર કરવામાં આવી રહી છે. સમગ્ર કોરિડોરમાં લગભગ 22 હજાર સ્ટીલ માસ્ટ અને 25,700થી વધુ કેન્ટીલીવર એસેમ્બલી લગાવવાની છે. ગુજરાતમાં નવ અને મહારાષ્ટ્રમાં પાંચ ટ્રેક્શન સબસ્ટેશન મારફતે વીજ પુરવઠાની વ્યવસ્થા થશે. વીજળી લાઇવ થવી એ સંચાલન શરૂ થવાનો સંકેત નથી. તે પછી પણ ટ્રેક્શન સિસ્ટમની તપાસ, પરીક્ષણ અને સુરક્ષાને લગતી પ્રક્રિયાઓ પૂરી કરવી પડશે. જોકે, સુરત-બિલીમોરા સેક્શનમાં વીજળી વહેતી થવી એ દેશની પહેલી બુલેટ ટ્રેનના સંચાલનની તૈયારીઓમાં એક મહત્વનું પગલું મનાઈ રહ્યું છે.

સુરત : દેશની પહેલી બુલેટ ટ્રેન પરિયોજના હવે વધુ એક મહત્વના ટેકનિકલ તબક્કા તરફ આગળ વધી રહી છે. મુંબઈ-અમદાવાદ હાઇસ્પીડ રેલ કોરિડોરના સુરત-બિલીમોરા એલિવેટેડ સેક્શન પર 20 નવેમ્બરથી ઓવરહેડ ઇલેક્ટ્રિકલ વાયરમાં હાઇ-વોલ્ટેજ વીજળી વહેતી કરવાની તૈયારી છે. તેની સાથે જ આ કોરિડોર પર પહેલી વખત વીજ પુરવઠો શરૂ થશે.

નેશનલ હાઇસ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડે આ અંગે જાહેર સુરક્ષા એડવાઇઝરી જારી કરી છે. ઇલેક્ટ્રિકલ વિભાગની સૂચના મુજબ, 20 નવેમ્બર 2026 અથવા તે પછી કોઇપણ સમયે સુરત-બિલીમોરા સેક્શનના ઓવરહેડ ઇલેક્ટ્રિકલ ઇક્વિપમેન્ટને ઊર્જાવાન કરી શકાય છે. અહીં 2x25 હજાર વોલ્ટ એસી (50 હર્ટ્ઝ) ટ્રેક્શન સિસ્ટમ હેઠળ વીજ પુરવઠાની વ્યવસ્થા કરવામાં આવી છે. વીજળી વહેતી થયા બાદ ઓવરહેડ તારોને દરેક

...અનુસંધાન પાના 5 પર

તસ્કરોએ PSIને ત્યાં જ 4.66 લાખની ધાપ મારી



અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશનના પીએઆઇ દિવાળી કરવા વતન ગયા અને તસ્કરોએ અહીં દિવાળી ઉજવી નાંખી

4.66 લાખની આ મતાની ચોરી થઇ

- આશરે 40 ગ્રામ વજનનો સોનાનો ચેઇન (કિંમત રૂ. 1,60,000)
- 22 ગ્રામ વજનનું સોનાનું ડોકિયું (કિંમત રૂ. 88,000)
- 10 ગ્રામ વજનની ગુરુના નંગવાળી સોનાની વીંટી (કિંમત રૂ. 40,000)
- 8 ગ્રામ વજનની ડાયમંડ જડિત સોનાની બુટ્ટીની જોડ (કિંમત રૂ. 32,000)
- 10 ગ્રામ વજનની સોનાની લગડી (કિંમત રૂ. 40,000)
- ચાંદીના દાગીના અને રોકડા રૂપિયા 80,000)

સુરતઃશહેરમાં તસ્કરોનો ત્રાસ એટલી હદે વધી ગયો છે કે હવે પોલીસ અધિકારીઓના ઘર પણ સુરક્ષિત નથી રહ્યા. દિવાળીના તહેવારો દરમિયાન પોતાના વતન ગયેલા સુરતના અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પી.એસ.આઈ.ના બંધ ફ્લેટને તસ્કરોએ નિશાન બનાવ્યો હતો. અહીંથી તસ્કરો કુલ રૂ. 4,66,000 ની મત્તા ચોરી કરીને નાસી છૂટ્યા હતા. જહાંગીરપુરા આશારામ આશ્રમ પાસે આવેલી રંગરાગ રેસિડેન્સીના સાકાર એપાર્ટમેન્ટમાં રહેતા વર્ષાબેન ઘનશ્યામભાઈ પરમાર (ઉ.વ. 37) ના પતિ ઘનશ્યામભાઈ દેહાભાઈ પરમાર સુરત શહેરના અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશનમાં PSI તરીકે ફરજ બજાવે છે. ગત તા. 09/11/2026 ના રોજ સાંજના છ વાગ્યાના અરસામાં તેમનો પરિવાર ફ્લેટ લોક કરીને વતન ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના બાખલકા ગામે ગયો હતો. સોસાયટીના પ્રમુખે ફોન કરીને આ ચોરી કરવાની જાણ કરી હતી. જેથી તેઓ સુરત દોડી આવ્યા હતાં

છઠ પૂજા તળાવમાં સાપે 14 વર્ષીય કિશોરીને ડંખ માર્યો

પાંડેસરાના ગણેશનગર તળાવમાં માતા સાથે છઠ્ઠ પૂજા કરવા ગઇ હતી પુત્રી



સુરત : પાંડેસરા વિસ્તારમાં છઠ પૂજાના આયોજન દરમિયાન ગણેશનગર તળાવમાં એક સાપે 14 વર્ષીય કિશોરીને ડાબા પગમાં ડંખ મારતાં અફરાતફરી મચી ગઈ હતી. સાપના ડંખથી અસરગ્રસ્ત કિશોરીને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં તેને દાખલ કરી સારવાર આપવામાં આવી રહી છે.

મળેલી માહિતી મુજબ, મૂળ બિહારના વતની મનોજભાઈ ચૌધરી હાલ પાંડેસરા વિસ્તારમાં આવેલા બાપુનગરમાં ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. તેઓ લેસપટ્ટીના કારખાનામાં નોકરી

...અનુસંધાન પાના 5 પર

સાપ કરડે તો તેને મારવા નહીં, દર્દીને તાત્કાલિક હોસ્પિટલ ખસેડો

સ્નેક રેસ્ક્યુ સંસ્થા સાથે જોડાયેલા ચિરાગ સાળીએ જણાવ્યું હતું કે, સાપ કરડવાની ઘટના બાદ ગભરાઈને સાપને મારવાનો પ્રયાસ કરવો જોઈએ નહીં. સાપને જોખમ અનુભવાય તો તે વધુ આક્રમક બની શકે છે. સાપ ઝેરી હોય કે બિનઝેરી, ડંખ માર્યા બાદ દર્દીને હવા અવરજવર થઈ શકે તેવી જગ્યાએ રાખવો જોઈએ અને શ્વાસ

...અનુસંધાન પાના 5 પર

નાની રકમ સમજીને અયોગ્ય વસૂલાત સ્વીકારવી નહીં, પેકિંગ કે કેરી બેગ ચાર્જ ગેરકાયદે

દુકાનના બિલમાં છૂપા ચાર્જ વસૂલાય તો ગ્રાહક ફરિયાદ કરી શકે

રૂપિયા 3 ની પેપર બેગના વિવાદથી ગ્રાહક અધિકારોની ચર્ચા તેજ

બિલમાં પેકિંગ, હેન્ડલિંગ અને સર્વિસ ચાર્જની ચકાસણી કરવા ડો. પંકજ ગાંધીની અપીલ

સુરત : ખરીદી દરમિયાન પેકિંગ ચાર્જ, કેરી બેગ ચાર્જ, હેન્ડલિંગ ચાર્જ અને સર્વિસ ચાર્જના નામે ગ્રાહકો પાસેથી વધારાની રકમ વસૂલવાની પ્રથા સામે સામાજિક કાર્યકર ડો. પંકજ ગાંધીએ ગ્રાહકોને જાગૃત રહેવા અપીલ કરી છે. તેમણે જણાવ્યું છે કે નાની રકમ સમજીને અયોગ્ય વસૂલાત સ્વીકારવી નહીં, કારણ કે આ પ્રશ્ન ગ્રાહકના અધિકાર અને પારદર્શક વેપાર વ્યવહાર સાથે જોડાયેલો છે.

આ સંદર્ભમાં તેમણે વર્ષ 2019માં ચંદીગઢમાં બાટા શોરૂમમાં બનેલા વિવાદનો ઉલ્લેખ કર્યો હતો. ગ્રાહક દિનેશ પ્રસાદ રતુરી પાસેથી જૂતાની ખરીદી વખતે બ્રાન્ડેડ પેપર બેગના 3 રૂપિયા વસૂલવામાં આવ્યા હતા. ગ્રાહકે આ સામે ફરિયાદ કરતાં જિલ્લા ગ્રાહક ફોરમે 9 એપ્રિલ, 2019ના રોજ તેમની તરફેણમાં કુલ રૂપિયા 9,000ના નાણાકીય આદેશ કર્યા હતા. નવેમ્બર 2024માં રાષ્ટ્રીય ગ્રાહક આયોગે પણ બ્રાન્ડેડ જાહેરાત વાળી બેગના ચાર્જ અંગે મહત્ત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું.

...અનુસંધાન પાના 5 પર

દિવાળી વેકેશનમાં સુરતમાં પાણીની માંગ 117 MLD ઘટી

નાગરિકો બહારગામ ગયા હોવાથી પાણીનો વપરાશ ઘટ્યો

સુરતઃ શહેરમાં દિવાળીના તહેવાર અને વેકેશન દરમિયાન મોટી સંખ્યામાં નાગરિકો પરિવાર સાથે બહારગામ ફરવા માટે જતા હોવાને કારણે શહેરમાં પાણીના દૈનિક વપરાશમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. સામાન્ય દિવસોની વાત કરીએ તો સુરતમાં દૈનિક સરેરાશ 1750 એમએલડી (MLD) પાણીનો વપરાશ થતો હોય છે, અને ગત 1 નવેમ્બરના રોજ પણ આટલો જ પાણીનો વપરાશ નોંધાયો હતો. જોકે, ત્યારબાદ શાળાઓમાં દિવાળી વેકેશનની શરૂઆત થવાની સાથે જ અનેક પરિવારોએ નોકરી-ધંધામાંથી રજાઓ લઈને બહારગામ જવાનું શરૂ કરી દીધું હતું, જેના પરિણામે શહેરમાં પાણીની માંગમાં ક્રમશઃ ઘટાડો થતો ગયો. આ દરમિયાન, ગત 14 નવેમ્બરના રોજ શહેરમાં પાણીનો કુલ વપરાશ ઘટીને 1633 એમએલડી જેટલો જ નોંધાયો હતો. આમ, સામાન્ય દિવસોની સરખામણીએ માત્ર થોડા જ દિવસોમાં દૈનિક 117 એમએલડી પાણીની માંગ ઘટી હોવાનું સત્તાવાર આંકડાઓ પરથી સ્પષ્ટ થયું છે.

સુરત મહાનગરપાલિકાના હાઇડ્રોલિક વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, સામાન્ય રીતે દિવાળીના તહેવારની પૂર્વસંધ્યાએ ઘરોમાં સાફ-સફાઈ અને અન્ય કામગીરી ચાલતી હોવાને કારણે પાણીનો વપરાશ સામાન્ય દિવસો કરતા થોડો વધતો હોય છે, પરંતુ તહેવારો પૂર્ણ થયા બાદ વેકેશનનો લાભ લઈને લાખોની સંખ્યામાં સુરતવાસીઓ બહારગામ જતા રહેતા પાણીની માંગમાં મોટો ઘટાડો નોંધાતો હોય છે. આ વર્ષે પણ નવેમ્બર મહિનાની શરૂઆતમાં 1750 એમએલડી પાણી વપરાયા બાદ શહેરીજનો બહાર જતાં વપરાશ ઘટ્યો છે. ઉલ્લેખનીય છે કે દર વર્ષે ઉનાળાના વેકેશન તેમજ દિવાળીના તહેવારો દરમિયાન શહેરમાં પાણીના વપરાશમાં આ પ્રકારે ઘટાડો થતો જોવા મળે છે, જેને ધ્યાનમાં રાખીને સુરત મનપા દ્વારા પાણીની માંગ અને પુરવઠાનું હંમેશાં અગાઉથી જ ઝીણવટભર્યું આયોજન કરવામાં આવે છે. આગામી દિવસોમાં દિવાળી વેકેશન પૂર્ણ થતાં જ્યારે તમામ શહેરવાસીઓ પરત ફરશે, ત્યારે દૈનિક પાણીની માંગ ફરીથી સામાન્ય સ્તરે પહોંચી જશે. આ વધતી માંગને પહોંચી વળવા અને નાગરિકોને પૂરતા દબાણથી પૂરતું પાણી મળી રહે તે માટે હાઇડ્રોલિક વિભાગ દ્વારા અત્યારથી જ જરૂરી તમામ આગોતરા આયોજનો કરી દેવામાં આવ્યા છે.

રાજસ્થાનમાં ચૂંટણીને લીધે સુરતમાં 10થી 15 ટકા દુકાનો જ ખુલી

23 નવેમ્બરે પંચાયતની ચૂંટણી સંપન્ન થયા બાદ સુરત પરત ફરશે: ફોસ્ટા સેક્રેટરી દિનેશ કટારિયા



સુરતઃ રાજસ્થાનમાં ચાલી રહેલી ગ્રામ પંચાયતોની ચૂંટણીની અસર સુરતના કાપડ બજારના વેપાર પર જોવા મળી રહી છે. દિવાળી વેકેશન બાદ લાભપાંચમના મુહૂર્તના સોદા સાથે સામાન્ય રીતે બજારમાં ધીમે ધીમે વેપાર શરૂ થઈ જતો હોય છે. લાભપાંચમ પછીના પ્રથમ કાર્યદિવસે અંદાજે 50 ટકા દુકાનો ખુલી જતી હોય છે, જ્યારે અગિયારસથી બજારો સંપૂર્ણપણે રાબેતા મુજબ ધમધમતાં થાય છે. જોકે, આ વર્ષે રાજસ્થાનની પંચાયત ચૂંટણીઓને કારણે સ્થિતિ જુદી છે. સોમવારે બજાર ખુલ્યું હોવા છતાં માત્ર 10થી 15 ટકા દુકાનો જ શરૂ થઈ હતી.

ફોસ્ટા (ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઇલ ટ્રેડ એન્ડ ટ્રેડર્સ એસોસિએશન)ના સેક્રેટરી દિનેશ કટારિયાએ જણાવ્યું હતું કે સુરતની કાપડ માર્કેટોમાં વેપાર કરતા મોટી સંખ્યામાં વેપારીઓ રાજસ્થાનના વતની છે. ગામડાંમાં તેમના પારિવારિક અને સામાજિક સંબંધો હોવાથી પંચાયતની ચૂંટણીમાં મિત્રો અને પરિચિતો ઉમેદવારી કરતા હોય ત્યારે તેઓ વતનમાં હાજર રહેવાનું પસંદ કરે છે. પરિણામે વેપારીઓ 23 નવેમ્બરે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી રાજસ્થાનમાં રોકાશે. આગામી સોમવારથી કાપડ માર્કેટો રાબેતા મુજબ ધમધમતી થવાની આશા છે.

બીજી તરફ, બજારમાં મંદીનું એક કારણ દિવાળી બાદ રિપીટ ઓર્ડરનો અભાવ પણ છે. સામાન્ય રીતે લાભપાંચમના દિવસે બહારગામના નાના વેપારીઓ એકથી બે પાર્સલનો ઓર્ડર આપતા હોય છે, જ્યારે મોટા વેપારીઓ 25થી 50 પાર્સલ સુધીની ખરીદી કરતા હોય છે. આ વખતે આવો ઉત્સાહ જોવા મળ્યો નથી.

હવે વેપારીઓને નવેમ્બર-ડિસેમ્બરની લગ્નસરાની સિઝન ઉપરાંત રમઝાન ઈદ અને પોંગલના તહેવારોની ખરીદીના ઓર્ડર મળવાની આશા છે. આગામી દિવસોમાં આ માંગ વધે તો સુરતના કાપડ બજારમાં ફરી તેજીનો માહોલ સર્જાઈ શકે છે.

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧
છેલ્લા પાને ₹૧૮૦૦/- | અંદરના પાને ₹૧૫૦૦/- | છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-
ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨: છેલ્લા પાને ₹૪૫૦૦/- | અંદરના પાને ₹૩૦૦૦/- | છેલ્લા પાને કલર ₹૫૨૦૦/-
(+GST EXTRA)
ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



॥ અશ્રુભીની શ્રધ્ધાંજલિ ॥

હજુ જોઈતો હતો સંગાથ તમારો, તમો અમારાથી દૂર થઈ ગયા, જગતની દરેક સમૃધ્ધિ મળશે, પરંતુ કલ્પવૃક્ષ જેવી આપના છાંયા ક્યાંય નહી મળે, પરમકૃપાળુ પરમેશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

લિ.
રાકેશભાઈ ગોવિંદભાઈ આહિર
બળવંતભાઈ નારણભાઈ આહિર
દિપકભાઈ નારણભાઈ આહિર
મિકી, મેરીન, ઉત્સવ, દેવ
તથા સમસ્ત પરિવાર

સ્વ.ગોવિંદભાઈ (ભીખુભાઈ) સોમાભાઈ આહિર
સ્વ.તા.૧૩/૧૧/૨૦૨૬ (મુ. સરસાણા)



અશુભ / શ્રી રામ કબીર

અમારા ધર્મ પત્ની / માતૃશ્રી કુમુદિનીબેન સન્મુખભાઈ ભક્ત શનિવાર તા. 14/11/2026 ના દિને હરિચરણ થયા છે. તે નિમિત્તે સંયુક્ત કિર્તન મીતી તા. 18/11/2026 ને બુધવારે સવારે 9-00 કલાકે રાખવામાં આવી છે.

શ્વસુર પક્ષ : - શ્વેતલભાઈ ગિરીશભાઈ ભક્ત
મુ.પો. નનસાડ (કામરેજ)

લિ.
સન્મુખભાઈ રણછોડભાઈ ભક્ત નરેન્દ્રભાઈ રણછોડભાઈ ભક્ત
ગુણવંતભાઈ રણછોડભાઈ ભક્ત કમલભાઈ સન્મુખભાઈ ભક્ત (યુ.એસ.એ)
કોમલબેન સન્મુખભાઈ ભક્ત (યુ.એસ.એ) ના રામકબીર
મુ.પો. પાનવાડી (સીતારામવિલા સોસાયટી) તા. વ્યારા જી. તાપી

સ્વ. કુમુદિનીબેન સન્મુખભાઈ ભક્ત
સ્વ. તા.14/11/2026



૬ઠ્ઠી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

અમે તમારા સરળ જીવન, ઉચ્ચ વિચારો અને દયાળુ સ્વભાવ ક્યારેય ભુલીશુ નહી. તમારી કરુણામયી, કૃપાળુ અને સ્નેહભર અમી નજરથી અમારા જીવનબાગ ને સદા સિંચતા રહેશો.

લિ.
સ્વ. જયવદન ભગવાનદાસ જરીવાલા
પ્રકાશ જયવદન જરીવાલા | નિલા પ્રકાશ જરીવાલા
નિમેષ પ્રકાશ જરીવાલા | મયુરી નિમેષ જરીવાલા
રાહુલ પ્રકાશ જરીવાલા | અંકિતા રાહુલ જરીવાલા
તથા સમસ્ત જરીવાલા પરિવાર

સ્વ. યશવંતીબેન જયવદન જરીવાલા
સ્વ.તા. ૧૭-૧૧-૨૦૨૦



દસમી માસિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

સ્મિત ભરેલું પરોપકારી, દયાળુ અને સહકારી જીવન આપ જીવી ગયા, સ્નેહથી સૌના હૈયામાં આપ વસી ગયા. આપની પ્રેમાળ છબી અમારા હૃદયમાં અકબંધ રહેશે. સમય તો વિતતો જશે પણ આપની હસમુખી છાંયા સદાયે અમારી સાથે જીવંત રહેશે. અમારા પરમ સહકારી મિત્રને દસમી માસિક પુણ્યતિથિએ શ્રધ્ધા-સુમન સાથે ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી છીએ અને પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે તમારા આત્માને મોક્ષ મળે.

લિ.તમોને સતત ઝંખતા શોકાતુર મિત્ર.
બાબુભાઈ છોટુભાઈ દેસાઈ(સહકારી અને સામાજિક અગ્રણી) નાણાંવટ ફળિયું, મોટાવરાછા-સુરત શહેર(મો.નં.૯૯૨૫૩ ૭૬૪૭૨)
ભાવેશકુમાર રણજીતભાઈ દેસાઈ(ભત્રીજો-કતારગામ,સુરત)
પ્રહલાદકુમાર રણજીતભાઈ દેસાઈ(ભત્રીજો-કતારગામ,સુરત)

સ્વ.ચંદ્રસિંહ ખુમાનસિંહ બાકરોલા
સ્વ.તા. ૧૭/૦૧/૨૦૨૬
કોસાડ-સુરત શહેર

૩૧ વીં પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ



સ્વ. સુખદેવ મોહનલાલ રાઠી
જન્મ દિ.: ૬.૧૨.૧૯૬૦/ સ્વ. દિ. : ૧૭.૧૧.૧૯૯૫

आपकी विदाई को आज ३१ साल हो गये। जीवन के मध्याहन मे मोक्ष मार्ग ग्रहण किया, आपका शरीर हमारे साथ न होते हुए भी आपका अहसास हर पल हमारे साथ है। आपके बनाए लक्ष्य की ओर निरंतर बढ रहे है यही हमारे लिए आपके प्रति सच्ची श्रद्धांजलि है।

प्रभु आपकी दिव्य आत्मा को परम शांति प्रदान करे, ऐसी हम सभी परिवार जनों की प्रार्थना है।

Maakhan Bhog
परिवार
सूरत - बीकानेर - जयमलसर